કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી

(મેજીસ્ટ્રેટ શાખા, જિલ્લા સેવા સદન, ૧લો માળ, કાલીયાવાડી, નવસારી-૩૯૬ ૪૨૭)

Phone :02637-246099 E-Mail:-collector-nav@gujarat.gov.in

નં.એમએજી/એપીપી/પેનલ/વશી. જજકચ/૪૮૭૭/૨૦૨૬ તા. ૦૨/૧૧/૨૦૨૬

નવસારી જિલ્લા ખાતે ૫(પાંચ) એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર તથા સ્પેશિયલ પોક્સો કોર્ટ માટે ૧(એક) મહિલા પબ્લિક પ્રોસિક્યુટરની નવી જગ્યા ભરવાની જાહેરાત

ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક: HD/MIS/e-file/8/2026/3525/I-1, તા.૧૭/૦૭/૨૦૨૬ થી આપવામાં આવેલ સૂચનાઓ ધ્યાને લઈ સરકારશ્રીએ નવસારી જિલ્લા કોર્ટ ખાતે **કુલ ૫(પાંચ) એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર તથા સ્પેશિયલ પોક્સો કોર્ટ માટે ૧(એક) મહિલા પબ્લિક પ્રોસિક્યુટરની** જગ્યા ભરવા માટે પેનલ રચવા નિર્ણય કરેલ છે. જે અન્વયે નવસારી જિલ્લામાં જિલ્લા ન્યાયાલય ખાતેની કોર્ટમાં ૫(પાંચ) એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર તથા સ્પેશિયલ પોક્સો કોર્ટ માટે ૧(એક) મહિલા પબ્લિક પ્રોસિક્યુટરની જગ્યા ભરવા માટે સને-૨૦૨૩ના ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૮(૪) મુજબ તથા સરકારશ્રીના પ્રોસિક્યુટીંગ અધિકારી (નિમણૂક અને સેવાની શરતો) અને સરકારનાં કાયદા વિષયક કાર્યના સંચાલન નિયમો-૨૦૨૬ મુજબ પેનલ તૈયાર કરવાની થાય છે. આથી, પ્રોસિક્યુટીંગ અધિકારી (નિમણૂક અને સેવાની શરતો) અને સરકારનાં કાયદા વિષયક કાર્યના સંચાલન નિયમો-૨૦૨૬થી ઠરાવેલ જોગવાઈ અનુસાર નીચે જણાવ્યા મુજબની લાયકાત ધરાવતા કાયદાના સ્નાતક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

(૧) એડવોકેટ તરીકે ઓછામાં ઓછા સાત વર્ષથી સક્રિય હોય.

(૨) તેઓ ૩૦ (ત્રીસ) વર્ષથી ઓછી ઉમરના ન હોય અને ૫૫ (પંચાવન) વર્ષથી વધુ ઉમરના ન હોય.

(૩) તેઓ મહત્તમ ૬૦ (સાઠ) વર્ષની ઉમર સુધી તેઓની ફરજ બજાવી શકશે.

(૪) તેઓ પોતાની નિમણૂકના ઓછામાં ઓછા ૩ (ત્રણ) વર્ષ પૂર્વેની મુદત માટે આવકવેરા કરદાતા હોય.

આ જગ્યા માટે ઉમેદવારી નોંધાવવા ઈચ્છતા હોય તે ઉમેદવારોએ અત્રેની કચેરીની વેબસાઇટ https://navsari.nic.in/forms/ પરથી અરજી ફોર્મ ડાઉનલોડ કરી સંપૂર્ણ વિગતો ભરીને જન્મતારીખ, અનુભવ, શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ તથા છેલ્લા ત્રણ વર્ષના આવકવેરાના રીટર્ન સામેલ રાખીને અરજી ફોર્મ સ્પીડ પોસ્ટ દ્વારા જ આ કચેરીએ મોડામાં મોડા તા. ૧૮/૧૧/૨૦૨૬ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે.

- અધુરી વિગતવાળી અરજી તેમજ નિયત સમયમર્યાદા બાદ મળેલી અરજીઓ વિચારણામાં લેવામાં આવશે નહીં.
- ઉક્ત ઉમેદવારોની પસંદગી બાદ ઉક્ત જગ્યા ઉપર નિમણૂક પામનાર ઉમેદવારને ધી ગુજરાત પ્રોસિક્યુટીંગ અધિકારી (નિમણૂક અને સેવાની શરતો) અને સરકારનાં કાયદા વિષયક કાર્યના સંચાલન નિયમો-૨૦૨૬ મુજબ ફી તેમજ અન્ય ભથ્થા મળશે.
- ઉમેદવારોને આ બાબતે જ્યારે ઇન્ટરવ્યૂમાં બોલાવવામાં આવે ત્યારે તેઓએ પોતાના ખર્ચે અસલ પ્રમાણપત્રો સાથે નિયત તારીખ, સમય અને સ્થળે હાજર રહેવાનું રહેશે.

DISTRICT MAGISTRATE જિલ્લા મેજીસ્ટ્રેટ નવસારી NAVSARI

(મનીષ ગુરવાની)
જિલ્લા મેજીસ્ટ્રેટ નવસારી

પ્રતિ,

1. સહાયક માહિતી નિયામકશ્રી, નવસારી

-- દૈનિક વર્તમાનપત્રોમાં વિનામુલ્યે પ્રસિધ્ધી આપવા સારૂ..

2. ડી.આઈ.ઓ.શ્રી, એન.આઈ.સી., નવસારી

–આ સાથે સામેલ અરજી ફોર્મ અત્રેની કચેરીની વેબસાઈટ https://navsari.nic.in/forms/ પર પ્રસિધ્ધ કરવા સારૂ.

નકલ સવિનય રવાના :–

1. નાયબ સચિવશ્રી,
   ગૃહ વિભાગ, લ–૧ શાખા, સચિવાલય, ગાંધીનગર. – જાણ સારૂ..
2. માન. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રી,
   ડિસ્ટ્રીકટ કોર્ટ, નવસારી જિલ્લો, નવસારી.
3. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ.....તમામ, ગુજરાત રાજ્ય
4. માન. એડી. સેશન્સ જજશ્રી, આહવા (ડાંગ)
5. માન. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટશ્રી,
   ગણદેવી, ચીખલી
6. માન. ફર્સ્ટ કલાસ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી,
   ખેરગામ, વાંસદા, વઘઈ, આહવા, સુબીર

–ક્રમ નં.૨ થી ૬, બહોળી પ્રસિધ્ધી અર્થે કોર્ટના નોટીશ બોર્ડ ઉપર મુકવા વિનંતી.

નકલ રવાના :–

1. કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, તમામ.....
2. પોલીસ અધિક્ષકશ્રી, નવસારી.
3. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, નવસારી.
4. સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, નવસારી/ચીખલી/વાંસદા.
5. મામલતદારશ્રી,
   નવસારી(શહેર), નવસારી(ગ્રામ્ય), જલાલપોર,
   ગણદેવી, ચીખલી, ખેરગામ, વાંસદા
6. પ્રમુખશ્રી, બાર એસોશીએશન,
   નવસારી, ગણદેવી, ચીખલી,
   ખેરગામ, વાંસદા, આહવા, સુબીર

બહોળી પ્રસિધ્ધિ કરી, પ્રસિધ્ધીનો દાખલો કચેરીના રેકર્ડ ઉપર રાખવા સારૂ.

નકલ :–

આ કચેરીના નોટીશ બોર્ડ ઉપર....

એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટરની જગ્યા માટે અરજીનો નમૂનો

તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ લગાવી ઉમેદવારે સહી કરવી.

નામ:.....
સરનામું:.....
.....
.....
ટેલિફોન નં.....
મોબાઈલ નં.....
તારીખ:...../...../૨૦૨૬.

પ્રતિ,
જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી,
.....

વિષય:– એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટરની નિમણૂક બાબત.

સાહેબશ્રી,

માનનીય સાહેબશ્રી ઉપરોક્ત વિષયની તા. / /૨૦૨૬ની જાહેરાતને અનુલક્ષીને ..... જિલ્લા ખાતે એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટરની નિમણૂક મેળવવા સારુ નીચેની વિગતો સહ મારી ઉમેદવારી નોંધાવું છું.

(૧) અરજદારનું નામ (અટક) સાથે :–
(૨) (અ) હાલનુ સરનામું :–
(બ) કાયમી સરનામું :–
(૩) જન્મ તારીખ અને અરજી તારીખે :–
ઉમર વર્ષ..... માસ.....દિન...
(દાખલો સામેલ કરવો)
(૪) જન્મસ્થળ :–
(૫) રાષ્ટ્રીયતા :–
(૬) માતૃભાષા.
(૭) શૈક્ષણિક લાયકાત. (પ્રમાણપત્રો સામેલ રાખવા) :–
(૮) કાયદાના સ્નાતક કે તેની સમકક્ષ :–
શૈક્ષણિક પરીક્ષા પાસ કર્યાની તારીખ તથા વિગતો.
(૯) એડવોકેટ એકટ – ૧૯૬૧ ની કલમ :–
૧૭ નીચે એડવોકેટ તરીકે રજીસ્ટર્ડ
થયા તારીખ. (સનદની નકલ સામેલ રાખવી)
(૧૦) વકીલાત કઈ તારીખથી શરુ કરી અને કયાંથી :–
જે કોર્ટમાં વકીલાત શરૂ કરી હોય તે કોર્ટ દ્વારા
આપવામા આવેલ પ્રમાણપત્ર.
(નકલ સામેલ રાખવી)

(૧૧) જાહેરાતની તારીખ સુધીમાં કરેલ કુલ પ્રેકટીસ. :- વર્ષ.....
માસ.....
દિન.....

(૧૨) ઉમેદવાર ની અન્ય લાયકાત જો હોય તો તેની વિગત (આ અંગેના પ્રમાણિત આધરો સામેલ રાખવા) :-

(૧૩) છેલ્લા ત્રણ વર્ષના પ્રકારવાર અને વર્ષવાર એકંદરે વાર્ષિક આવક તથા ઈન્કમટેક્ષની વર્ષવાર વિગત (ફાઈલ કરેલ રીટર્નની નકલો અચુક સામેલ રાખવી) :- વર્ષ_____
વાર્ષિક આવક ₹_____
ભરેલ ઈન્કમટેક્સ ₹_____

(૧૪) અરજદાર સામે કોઈ પોલીસ ગુનો નોંધયો છે? કોઈ કોર્ટમાં કેસ ચાલુ છે? (વિગતો આપવી) :-

(૧૫) (અ) છેલ્લા ત્રણ વર્ષમાં ચલાવેલ ક્રિમીનલ કેસોની વિગત (ફોજદારી દાવાની માહિતી અલગ આપવી) :-

(બ) તે પૈકી કેટલા કેસ/ દાવા અરજીમાં સફળ થયાં. :-

(ક) કેટલા કેસમાં અપીલ કરી. :-

(૧૬) ઉમેદવારે અગાઉ કે હાલમાં એડીશનલ પબ્લિક પ્રોસિક્યુટર તરીકે ફરજ બજાવેલ હોય તો તે ફરજનો સમયગાળો તારીખ સહીત :-

તારીખ: / /૨૦૨૬. **(ઉમેદવારની સહી .....)**

સ્થળ: _____ **(ઉમેદવારનું નામ .....)**

બિડાણ:–

અરજી સાથે જોડેલ પ્રમાણિત નકલોની વિગત	
ક્રમ	**વિગત**
૧	
૨	
૩	
૪	
૫	
૬	
૭	
૮	
૯	
૧૦	